વડોદરાના મે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (સી.પી.ચારણ)
સાહેબ ની કોર્ટમાં, ( ચોથી કોર્ટ),વડોદરા.

ફોજદારી કેસ નંબર–૪૭૯૨/૨૦૧૩.

આંક :

ફરિયાદી : શ્રી સરકાર..
વિરૂધ્ધ..
આરોપી : રાજેશભાઈ પાનાચંદ પરમાર
રહે.બકરાવાડી, તા.જી. વડોદરા

આરોપ : ઈ.પી.કો. કલમ–૨૭૯,૪૨૭ એમ.વી.એકટ–૧૭૭,૧૮૪ મુજબ.

**<u>ચૂકાદો</u>**

૧. ફરિયાદપક્ષે આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ–૨૭૯,૪૨૭ એમ.વી.એકટ–૧૭૭, ૧૮૪ મુજબના ગુનાનુ ચાર્જશીટ રજુ કરેલ છે.

૨. આરોપી આજ રોજ કોર્ટ રૂબરૂ હાજર થતા, તેઓને પોલીસ પેપર્સની નકલો આપી, આ ગુનો સ્વૈચ્છાએ કબુલાત કરવા માંગે છે, તેમ જણાવી તે અંગે કબુલાત પુરસીસ રજુ કરતાં, આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે, જેમાં આરોપીએ સ્વૈચ્છાપૂર્વક ગુનાની કબુલાત કરી, કેસનો નિકાલ કરવા માંગતા હોય, તેમજ ભવિષ્યમાં આવો ગુનો ન થાય, તેની કાળજી રાખવાનુ જણાવી રહેમ કરવા રજુઆત કરેલ છે. વધુમાં આરોપી આજરોજ અદાલત સમક્ષ હાજર થઇ પોતે સ્વેચ્છાપુર્વક સદર ગુનો કબુલ કરી અને પોતાનો પ્રથમ ગુનો હોય અને ભવિષ્યમાં ગુનો કરશે નહી તેવી ખાત્રી આપી રહેમ કરવા રજુઆત કરેલ છે. અત્રેની અદાલતે તેઓને સજાની જોગવાઈ અંગે સમજાવવા છતાં તેમજ કબુલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં સ્વેચ્છા પુર્વક ગુનો કબુલ કરેલ છે અને પોતાનો પ્રથમ ગુનો હોય અને પોતે ભવિષ્યમાં ગુનો નહી કરે તેની ખાત્રી આપી રહેમ કરવા રજુઆત કરેલ છે.આરોપીની રજુઆત તથા કબુલાત ધ્યાને લેતાં તેમજ ઉપરોકત કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતના લક્ષમાં લેતાં આરોપીને હળવી

સજા કરી સુધરવાની તક આપવીથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોય, આરોપીની કબુલાત, આરોપીની આર્થિક-સામાજિક સ્થિતિ તેમજ કેસના વિશિષ્ટ સંજોગો વિગેરે હકીકતો ધ્યાને લેતા, ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**હુ ક મ**

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૫૨ અન્વયે ઈ.પી.કો.કલમ-૨૭૯,૪૨૭ એમ.વી.એકટ-૧૭૭, ૧૮૪ મુજબ સજાને પાત્ર ગુનામાં તકસીરવાર ઠરાવીં ઈ.પી.કો.કલમ- ૨૭૯ ના ગુનામાં રૂા.૫૦૦/- ( પાંચસો પુરા )નો દંડ, દંડ ના ભરે તો દિન-૦૧ ની સાદી કેદની સજા ભોગવવાનો તથા ઈ.પી.કો.ની કલમ- ૪૨૭ના ગુનામાં ૧૦૦/- (એકસો પુરા) નો દંડ, દંડ ના ભરેતો દિન-૧ની સાદી કેદની સજા ભોગવવાનો તથા એમ.વી.એકટની કલમ- ૧૭૭ ના ગુનામાં ૧ ૦૦/-(એકસોપુરા) અને એમ.વી.એકટની કલમ-૧૮૪ ના ગુનામાં ૫૦૦/- (પાંચસો પુરા) નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીને કુલ્લે રૂા.૧૨૦૦/-(એક હજાર બસો) પુરાનો દંડ કરવામાં આવે છે.

મુદ્દામાલ વાહન નો અગાઉનો હુકમ આથી કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

સદર હુકમ આજ રોજ લોક અદાલતમાં વાંચી, સંભળાવી સમજાવી જાહેર કર્યો.

વડોદરા.

તા. ૧૩-૦૭-૨૦૧૯.

( સી.પી.ચારણ )
જ્યુડી. મેજી.ફ.ક. ચોથી કોર્ટ, વડોદરા.
GJ01483